# આઈનોક્સ વિન્ડનો પબ્લિક ઈશ્યૂ ૧૮ માર્ચે ખુલશે




તસ્વીરમાં આઈનોક્સ વિન્ડ લિ.ના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી દિપક આશર અને પૂરા સમયના ડિરેક્ટર શ્રી દેવાંશ જૈન દ્રશ્યમાન થાય છે.

ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ દ્વારા પ્રમોટ કરાયેલી આઇનોક્સ વિન્ડ લિ. ("કંપની") ૧૮ માર્ચ, ૨૦૧૫ ને બુધવારના રોજ રૂ. ૭,૦૦૦ મિલિયન ("ફ્રેશ ઇશ્યૂ")નું પ્રતિનિધિત્ત્વ કરતા ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ તથા ગુજરાત ફ્લોરોકેમિકલ્સ લિમિટેડ ("સેલિંગ શેરહોલ્ડર") ("ઓફર ફોર સેલ") દ્વારા ૧૦,૦૦૦,૦૦૦ ઇક્વિટી શેરની ઓફર ફોર સેલ વડે બનેલો ઇક્વિટી શેર દીઠ (શેર પ્રીમિયમ સહિત) ભાવ મુજબ, રોકડમાં શેરદીટ રૂ. ૧૦ની મૂફકિંમતના ઇક્વિટી શેરનો પબ્લિક ઇશ્યૂનો પ્રારંભ કરશે. ફ્રેશ ઇશ્યૂ તથા ઓફર ફોર સેલને સાગમટે "ઇશ્યૂ" તરીકે ઉલ્લેખ કરાય છે.

આ ઇશ્યૂમાં સ્પર્ધાત્મક ધોરણે ("એમ્પ્લોઇ રિઝર્વેશન પોર્શન") પાત્રતા ધરાવતા કર્મચારીઓ દ્વારા સબસ્ક્રિપ્શન માટે અનામત રખાયેલા ૫,૦૦,૦૦૦ ઇક્વિટી શેરનો સમાવેશ થાય છે. કર્મચારીઓ માટે અનામત રખાયેલા હિસ્સાને બાદ કરવામાં આવતા બાકીનો ઇશ્યૂનો અહીં "નેટ ઇશ્યૂ" તરીકે ઉલ્લેખ કરાયો છે. ઇક્વિટી શેર દીઠ રૂ. ૩૧૫ થી રૂ. ૩૨૫ સુધીનો પ્રાઇસ બેન્ડ નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ બિડ/ઇશ્યૂ ૨૦ માર્ચ, ૨૦૧૫ના રોજ બંધ થાય છે. બિડિંગ માટેનો લઘુત્તમ લોટ ૪૫ ઇક્વિટી શેરનો છે અને ત્યારબાદ તે ૪૫ ઇક્વિટી શેરના ગુણાંકમાં છે.

ગ્લોબલ કો-ઓર્ડિનેટર્સ તથા બુક રનીંગ લીડ મેનેજર્સ તથા બુક રનીંગ લીડ મેનેજર સાથેના પરામર્શ દ્વારા કંપની તેમજ સેલિંગ શેરહોલ્ડરે પાત્રતા ધરાવતા કર્મચારીઓ અને રિટેલ રોકાણકારો ને ઇશ્યૂ પ્રાઇસ પર રૂ. ૧૫નું ડિસ્કાઉન્ટ આપવાનો નિર્ણય કર્યો છે.

રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ દ્વારા ઓફર કરાયેલા ઇક્વિટી શેરને બીએસઇ તથા એનએસઇ પર લિસ્ટ કરાવવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

એક્સિસ કેપિટલ લિમિટેડ, ડીએસપી મેરિલ લિન્ચ લિ. અને એડલવેઇસ ફાઇનાન્સિયલ સર્વિસિઝ લિમિટેડ એ આ ઇશ્યૂના ગ્લોબલ કો-ઓર્ડનિટેર્સ તથા બુક રનીંગ લીડ મેનેજર્સ છે તથા યસ બેન્ક લિ. બુક રનીંગ લીડ મેનેજર છે.